# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Phone : 0278-2570111 WhatsApp : 8866570111 Email : krcscbvn@gmail.com Website : www.krcscbhavnagar.org

<u>ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ</u>
<u>અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી સહ.</u>

Date: 28th April, 2022

પ્રતિ,
તંત્રી શ્રી,
.........................................,
ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા
શ્રી જી. જી. સુતરીયા પ્રાથમિક શાળા, સરદાર પટેલ ટ્રસ્ટ, કાળીયાબીડ, ભાવનગર ખાતે

## બાળકો કાગળમાંથી રોજીંદા જીવનમાં ઉપયોગી અને વિજ્ઞાનના સૈદ્ધાંતિક પાસાઓને રમતા રમતા શીખી શકે તેવા રમકડા બનાવવા માટે વેકેશન વર્કશોપ યોજાયો

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં સાયન્સ (વિજ્ઞાન), ટેકનોલોજી, એન્જીન્યરીંગ અને મેથ્સ (ગણિત) અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨ થી કાર્યરત છે.

હાલના આધુનિક અને ઝડપી યુગમાં સુખ-સુવિધામાં વધારો થતાં આપણા શરીર અને મગજ કસવાના કાર્યો વિસરાઈ રહ્યા છે. આજનું બાળક ટેકનોલોજી પર નિર્ભર થવા લાગ્યું છે ,જે તેના ભવિષ્ય પર મોટો ખતરો સાબિત થય શકે છે. એમના ખોવાયેલા બાળપણને ફરી એક વખત જીવંત કરી શકાય તે માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વેકેશન સમયમાં તેઓ કાર્યરત રહે અને વિજ્ઞાનને નજીકથી સમજી શકે તે માટે **વેકેશન વર્કશોપનું આયોજન કરવામાં આવે છે.**

બાળકોમાં વિષય કૌશલ્ય વિકસે અને ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી જેવા વિષયો અને તેને સિદ્ધાંતોને વાસ્તવિક રીતે પ્રાયોગિક સમજુતી મેળવે તેવા હેતુથી શ્રી જી. જી. સુતરીયા પ્રાથમિક શાળા, સરદાર પટેલ ટ્રસ્ટ, કાળીયાબીડ, ભાવનગર ખાતે એક દિવસીય વેકેશન વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. જેમાં લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા બાળકો કાગળમાંથી રોજીંદા જીવનમાં ઉપયોગી અને વિજ્ઞાનના સૈદ્ધાંતિક પાસાઓને રમતા રમતા શીખી શકે તેવા રમકડાઓ બનાવડાવવામાં આવ્યા હતા. આ એક દિવસીય કાર્યશાળામાં કુલ ૧૧૦ જેટલા બાળકો અને શિક્ષકોએ ખુબ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

૨૮/૦૪/૨૨
(હર્ષદ જોષી) 5:15PM
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.


follow us on YouTube KRCSCBhavnagar
Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar